# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" સોયાબીન (ટ્રુથફુલ) બિયારણના વેચાણ બાબત

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૫ ઋતુમાં વાવેતર માટે સોયાબીન GS-4 (ટ્રુથફૂલ) બીયારણ ખરીદી માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવેલ. તે અરજીઓનું કોમ્પ્યુટરાઈઝ રેન્ડમાઈઝેશન સીસ્ટમથી રેન્ડમાઈઝેશન બાદ પસંદગી પામેલ ખેડૂતોને આ સાથે નીચે જણાવેલ શરતોના ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવાનું થાય છે. બિયારણના ભાવની વિગતો નીચે કોષ્ટકમાં જણાવેલ છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | ચૂકવવાનો ભાવ રકમ રૂપિયા |
|---|---|---|
| સોયાબીન (GS-4) | ટ્રુથફૂલ | રૂ.૧૪૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) |

<u>વેચાણનો સમય</u> :- સવારના ૮:૩૦ થી ૧૨:૦૦ તથા બપોરના ૩:૦૦ થી ૫:૩૦

<u>વેચાણનું સ્થળ</u> :- સીડ હબ ગોડાઉન, ગેટ નંબર-૩ ની પાસે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

<u>નોંધ</u> :- ઓનલાઈનન અરજીની નોંધણી થયા બાદ નીકળેલ પાવતીની પ્રિન્ટ કાઢીને તેમાં અરજદારે સહી કરી તેને બિયારણ લેવા આવો ત્યારે જમા કરાવવાની રહેશે.

## "ગીર સાવજ" સોયાબીન (ટ્રુથફુલ) બિયારણના મેળવવા માટેની શરતો

1. ખેડૂતમિત્રોએ બિયારણ ખરીદી માટે જૂનાગઢ ખાતે લેવા આવવાનું રહેશે.
2. જો કોઈ ખેડૂત અરજદારની માહિતી ખોટી/ અપુરતી/ ઘટતી જણાશે તો તેવા અરજદારની અરજી રદ થશે.
3. માન્ય અરજીવાળા ખેડૂત અરજદાર ભાઈઓને બિયારણ કઈ તારીખે લેવા આવવું તેની માહિતી આપના દ્વારા અરજીમાં નોંધવામાં આવેલ મોબાઈલ નંબર પર SMS થી જાણ કરવામાં આવશે.
4. બિયારણ ખરીદી માટે અરજદારને ફાળવવામાં આવેલ તારીખે જ બિયારણ મળશે. એટલે કે અરજદારને જે તારીખે બિયારણ લેવા આવવા માટે ફાળવવામાં આવેલ હોય તે તારીખે જ લઈ જવાનું રહેશે. ફાળવવામાં આવેલ તારીખે જો બિયારણ ખરીદવા નહિ આવે તો તેનો દાવો રદ ગણવામાં આવશે અને ત્યારબાદ યાદી મુજબ ક્રમમાં આવતાં અન્ય ખેડૂતને તેનો લાભ મળશે.
5. સોયાબીનના બિયારણ માટે જે ખેડૂતની અરજી મંજુર થઈ છે તેઓને જયારે તેમનો વારો આવે ત્યારે હાજર સ્ટોકમાં હશે તે મુજબ અરજી દીઠ ૫ બેગ (૧૨૫ કિ.ગ્રા.) સુધી મળવાપાત્ર થશે.

તારીખ :- ૧૨/૦૫/૨૦૨૫

સ્થળ :- જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧